
## રીયલ સિરીયલ

### અવિનાશની બેકારી એ ફલક સાથે બ્રેકઅપ કરાવ્યું?



ફલક નાઝે અને તેના બોયફ્રેન્ડ અવિનાશ સચદેવ સાથેના ‘સ્ટ્રેસફુલ રિલેશન’ વિશે હમણાં વાત કરી. જેમાં ફલક જણાવે છે કે અવિનાશ સાથેનાં રિલેશનથી બ્રેક લેવા માંગે છે.બિગ બોસ OTT 2માં અવિનાશ સચદેવ સાથેના તેના રિલેશન વિશે પૂછવામાં આવ્યું હતું. તેના જવાબમાં, ફલકે શેર કર્યું કે અવિનાશને લાગ્યું કે તેનું રિલેશન ચાલશે નહીં. તે વાતે મને ચિંતામાં મુકી દીધી. ‘‘મુઝે અવિનાશ ને બોલા થા ‘ફલક, મુઝે લગતા હૈ નહીં હોગા યાર... મુઝસે નહીં સંભાલા જાયેગા.’’ અને અવિનાશે કહ્યું કે રિલેશન તોડી નાખીયે! મને તો કંઇ સમજ નથી આવી રહ્યું કે આમ કેમ કોઈ કરી શકે?’’

ફલકે દુખડા જણાવતા કહ્યું કે અવિનાશે ત્યારથી તેના ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. ફલકને લાગે છે કે કામનાં અભાવે અવિનાશમાં આ ચેન્જ આવ્યો છે. અવિનાશ લાંબા સમયથી તેને ગમતું કામ શોધી રહ્યો છે, જેના કારણે તેની સમસ્યાઓ વધી રહી છે. મેં તેને સલાહ આપી હતી કે જો તને પસંદગીના રોલ ન મળી રહ્યા, તો તને જે પણ રોલ મળે તેના પર સારૂ કામ કર પરંતુ અવિનાશ એક્ટિંગ સિવાય બીજું કશું કરવા માંગતો નથી. બિગ બોસ OTT -2માં આ જોડી એ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. કલાકો સુધી સાથે બેસતા, વાતચીત કરતા, શો બાદ હવે આ રિલેશનમાં બ્રેક લાગી છે.

### સિરિયલનું ટાઇટલ આટલું સાચું!




થોડા સમય પહેલાં જ શરૂ થયેલી કોમેડી સિરિયલ ‘ઝ્યાદા મત ઉડ’ જો તમને ખબર હોય તો કલર્સ ચેનલ પર આવતી. મોટા ભાગના લોકોએ આ સિરિયલ નહીં જોઇ હશે. કારણ કે શનિ-રવિ રાત્રે 11 વાગ્યે આ કોમેડી સિરિયલ આવતી. ‘આવતી’ કારણ કે હવે તે બંધ થવા જઈ રહી છે, આ કોમેડી સિરિયલ બંધ થવા પાછળ ઘણાં કારણો છે. જેમ કે, તેમાં જે પ્લોટ સાથે ગૃહિણીઓ રિલેટ નથી કરી શકતી. એનાથી પણ અજાણ્યા એક્ટરોની ઓવર-એક્ટિંગ. તેનો ઓન એર થવાનો ટાઇમ, જે રાત્રે 11 હતો હવે રાત્રે 11:50 થયો છે! શરૂઆતમાં કોઇ પણ સિરિયલ ઠીકઠાક હોય તો પણ જેમ દર્શકો જોવે તેમ તેની આદત પડતી જતી હોય છે અને આપોઆપ સિરિયલની TRP વધી જાય. પણ અહિયા એવું કંઈ જ થયું નહીં. ‘ઝ્યાદા મત ઉડ’ સાચે વધારે ‘ઓન એર’ નહિ રહે.

### બિગ બોસ અને ખતરોં કે ખિલાડી જોવા બીજી ચેનલ મૂકજો




ઘણા સમયથી દર્શકો બિગ બોસ 19 અને ખતરોં કે ખિલાડી 15 આ બે શોની રાહ જોઇ રહ્યા છે પણ શોના મેકર્સ તરફથી કોઇ અપડેટ આવતું ન હતું. પહેલા તો એવું લાગતું હતું કે આ વર્ષે આ શો આવશે જ નહીં. પણ હવે વાત એવી મળે છે કે તેમને કલર્સ ચેનલ સાથે જ આ શો બનાવનારાને સમસ્યાઓ છે. એટલે હવે ‘બિગ બોસ’ અને ‘ખતરોં કે ખિલાડી’ કદાચ સોની ટીવી પર જોવા મળવાના છે. હાલ તો ચેનલ અને પ્રોડક્શન હાઉસ વચ્ચે વાતચીત ચાલી રહી છે. તેનું કારણ એ છે કે ટોપ-10 ચેનલ્સમાં સોની ટીવી નં 6 પર છે જ્યારે કલર્સ નં 9 પર. કલર્સ ટીવી સાથે ખતરોં કે ખિલાડી અને બિગ બોસની ઘણી સિઝન માટે કરાર કર્યો હતો. તે પ્રોડક્શન હાઉસે કલર્સ ટીવી માટે ‘ખતરોં કે ખિલાડી’ અને ‘બિગ બોસ’ની આગલી સિઝનનું નિર્માણ બંધ કરી દીધું છે. આ કરવા પાછળનું કારણ પ્રોડક્શન હાઉસ બનિજય એશિયામાં અંદરના વિવાદો માનવામાં આવે છે, જેના કારણે એન્ડેમોલે બ્રોડકાસ્ટર સાથે કોન્ટ્રેક્ટ તોડી નાખ્યો છે. ખતરોં કે ખિલાડી સિઝન 15 માટે મુનાવર ફારુકી, ઈશા માલવિયા, અવિનાશ મિશ્રા, ગુલ્કી જોશી, કરણ કુન્દ્રા વગેરે ફાઇનલ નામો છે અને મે મહિનામાં જોવા મળવાનો હતો; જો કે, શો પોસ્ટ પોન કરવામાં આવ્યો છે. આ બંને શોની TRP બીજા શો કરતા ખૂબ આવે છે. જોકે આ અંગે ચેનલ તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી પણ આ વાત ઈન્ટરનેટ પર ખૂબ ચર્ચામાં છે.

## શો-બાજ

# સાક્ષી રાણી આવી રહી છે...



**ટીવીનાં જાણીતા ચેહરાઓ યાદ કરવામાં આવે તો એક ચેહરો સાક્ષી તંવરનો પણ હશે જ. જે કેટલાયે સમયથી ટી.વી.ની દુનિયાથી દૂર હોવા છતાં તેની પહેલી ઓળખ હજી ટી.વી કલાકાર તરીકેની જ છે. 52 વર્ષની સાક્ષી ટીવી બાદ ફિલ્મોમાં પણ ચમકી ચુકી છે અને હવે નેટફ્લિક્સની સિરીઝ ‘ધી રૉયલ્સ’માં આવી રહી છે. જે નવા અને ખૂબ જૂના એક્ટરો સાથે સ્ક્રિન શેર કરી રહી છે ત્યારે વાંચો આ નવા OTT પ્લેટફોર્મ પર કામ કરવાનો અનુભવ કેવો રહ્યો? તે જ્યારે કામ નથી કરતી ત્યારે શું કરે છે?**

### The Royals માં રાણી બન્યા છો, આ પ્રકારના કિરદારમાં કેવો અનુભવ રહ્યો, આ સિરીઝ મળી ત્યારે કેવું લાગ્યું?

સાચું કહું પહેલાં તો મને વિશ્વાસ જ ન થયો કે આવું કંઈ બનતું પણ હશે. હું ખુબજ સિમ્પલ બેકગ્રાઉન્ડમાંથી આવી છું અને અત્યાર સુધી જે પાત્રો ભજવ્યા છે, એ બધાં જ મારી આસપાસની દુનિયામાં હતા. એમાં કોઈ ખાસ તૈયારીની જરૂર પડતી ન હતી. પણ અહીં વાત રાજ પરિવારની એક અલગ દુનિયાની હતી, જેને મેં જીવનમાં ક્યારેય અનુભવી નથી! મને બસ મારા મમ્મી ‘રાણી’ કહેતા, ‘બિટિયા રાણી’. આ સિરીઝ કરવાનો એક ફાયદો એ કે મને એ રાજાશાહી અનુભવવા મળી.

### તો આવું કેરેક્ટર પ્લે કરવું તમારા માટે કેટલું અઘરુ હોતું?

ખુબ, આ એક નવી દુનિયા હતી. હું શરૂઆતમાં તો ખૂબ જ ધ્યાન આપતી. Royals કેમ વિચારે છે, કેવી રીતે વાત કરે છે, કેવી રીતે બેસે, બધું જ. હું તો રીતસરની કોપી કરતી એમને, જે મને ખટકતું હતું પણ પછી મેકઅપ, કોશ્ચ્યુમ, જ્વેલરી પહેરી એટલે આપોઆપ કોન્ફિડન્સ આવી ગયો, એમ લાગ્યું, “હા, તું રાણી છે.” એ મોમેન્ટ મારા માટે ખાસ હતી.

### તમે ફિલ્મમાં પણ માતાનું કિરદાર ભજવી રહ્યા છો. રિયલ લાઈફમાં આ કેવી અસર કરે?

સાચું કહું તો... વધારે અલગ નથી લાગ્યું. એમ તો ઘણાં સમયથી મા ભજવી રહી છું. ઓન સ્ક્રિન એ એક રોલ છે. પણ રિયલ લાઈફમાં આ 24x7 ફુલટાઈમ જોબ છે. એના નફા અને નુકસાન અલગ છે.

### ઝીનત અમાન સાથે કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?

ઝીનતજી સાથે હોવું તેમની મોજૂદગી પોતે એક લ્હાવો છે. મોટાભાગના સીન્સ મારી અને એમની સાથે છે અને ઑનેસ્ટલી કહું, હું તેમને બસ જોયા કરતી. તેઓ કેવી રીતે બેઠા છે, કેવી રીતે બોલે છે– એ બધું એક સ્કૂલ સમાન હતું. એથી વધારે શું કહેવું...

### તમે અને એકતા બંને હવે મા છો, કોઈ ખાસ કનેક્શન આ ફેઝમાં આવ્યું?

ખરેખર આ બહુ સુંદર સમય છે. અમે બંને પ્રાઈવેટ લાઈફની એક મજેદાર સફરમાં છીએ. એ અમારા પર્સનલ અને પ્રોફેશનલ જીવનમાં સાથે ચાલી રહ્યો છે.

### પર્સનલ કોરિયર વચ્ચે ‘મા’ તરીકેની ફરજ કેવી રીતે નિભાવો છો?

મારું કામ 9-થી-5 નથી એટલે થોડી રાહત છે. શૂટનાં દિવસો ફિક્સ હોય છે. પણ બાકી દિવસોમાં હું મારી દિકરી સાથે હોવ છું. જો કે બંને સાચવવું અઘરુ છે. સમાજની અપેક્ષાઓ, પોતાનાં સપનાં, અને આ બધાની વચ્ચે બાળકની પોતાની જરૂરિયાતો. એ એક ટફ જોબ છે, જેને હું પણ સમય સાથે શીખી રહી છું.

### ટીવી પર લોકો હજુ પણ તારી અને રામકપૂરની જોડી જોવા દીવાના છે, શું કહેશો?

હું અને રામ બંને એ વાત પર હસી પડીએ છીએ કે લોકોમાં શું જાદુઈ લાગ્યું. સાચે મને પણ ખબર નથી કે આ શું છે! પણ હું ખુશ છું.

### જ્યારે બડે અચ્છે લગતે હૈ... ઓફર થયું ત્યારે એવું લાગ્યું કે આ શો હિટ થશે?

નહી, એમાં શંકા હતી. રામ બિઝનેસમેન અને હું એક એનાથી અલગ. એટલે શ્યોર નહિ હતી પણ જ્યારે પ્રોમો શૂટ કર્યો ત્યારે લાગ્યુ કે ના, આ અલગ છે. કંઈક જાદુઈ, ને જ્યારે સેટ પર તો એવું લાગ્યું કે આ પાત્રો અમારા માટે જ લખાયા છે.

## ફેસ ટુ ફેસ
-દિનેશ ઝાલા

# હું દરરોજ મારી જાતને સુધારવાનો પ્રયત્ન કરું છું: સ્નેહા જૈન



**સાદગી અને જોરદાર અભિનયથી ટી.વી.ની દુનિયામાં પોતાનું નામ બનાવનારી અભિનેત્રી સ્નેહા જૈન હાલમાં શો ‘મેઘા બરસેંગે’માં જોવા મળી રહી છે. તેને માત્ર દર્શકોનો પ્રેમ જ નથી મળતો પરંતુ તેના પરિવારની નજરમાં પણ તે કોઈ સ્ટારથી ઓછી નથી. હાલમાં સ્નેહા સાથે થયેલ વાતચીતમાં તેમણે તેના અભિનય, સંઘર્ષ અને ડ્રિમ કેરેક્ભૂટર વિશે ખુલાસો કર્યો.**

### તમારા અભિનય વિશે તમારા પરિવારનો શું મત છે?

મારા પરિવારમાં કોઈ આ ઈન્ડસ્ટ્રીમાં નથી, તેથી તેઓ મારા કામને ટેકનિકલ દ્દષ્ટિકોણથી જોતા નથી. હું જે પણ કરું તે તેમને ગમે છે. હંમેશા મને સપોર્ટ કરતાં રહ્યાં છે. પણ હા, મને સોશ્યલ મીડિયા, પ્રેક્ષકો અને નિષ્ણાતો તરફથી વાસ્તવિક પ્રતિસાદ મળે છે અને તે મને સાચા અર્થમાં આગળ વધવામાં મદદ કરે છે.

### ઇન્ડસ્ટ્રીમાં ટકી રહેવા માટે તમારે કઈ બાબતોનું ધ્યાન રાખવું પડશે?


સૌથી મહત્ત્વની બાબત એ છે કે તમારી જાત પર સતત કામ કરવું. શીખવાનું ક્યારેય બંધ ન કરો, તમારી જાતને ત્યાં રાખો, લોકોને મળો, તમારી હાજરી રાખો. ઈન્ડસ્ટ્રીમાં દરરોજ નવા ચહેરા આવે છે. જો તમે તમારી જાતને અપડેટ નહીં કરો તો તમે પાછળ રહી જશો. હું દરરોજ મારી જાતને વધુ અભિવ્યક્ત અને વિકાસલક્ષી બનાવવાનો પ્રયાસ કરું છું.

### શું તમે ક્યારેય તમારા કામ વિશે મૂંઝવણ અનુભવો છો?

ક્યારેક મને આશ્ચર્ય થાય છે કે મેં જે કર્યું તે સાચું હતું કે નહીં. પરંતુ જ્યારે લોકો, જેઓ આખી વાર્તા અને પાત્રને સમજે છે, તેની પ્રશંસા કરે છે તે એક અલગ પ્રેરણા આપે છે. એ સ્નેહ અને વખાણ મને વધુ સારું કરવા માટે પ્રેરણા આપે છે.

### ભવિષ્યમાં તમે કેવા પ્રકારની ભૂમિકાઓ કરવા માંગો છો?

હું હંમેશ એવાં પાત્રો શોધી રહી છું જે મજબૂત હોય. ખાસ કરીને ભાવનાત્મક રીતે મજબૂત અને સ્તરવાળી સ્ત્રી પાત્રો. તાજેતરમાં જ મેં ઐતિહાસિક પાત્રો ભજવવાની ઈચ્છા વિકસાવી છે - જેમ કે રાણી, યોદ્ધા અથવા તે સમયગાળાની સામાન્ય સ્ત્રી કે જેનું જીવન ઊંડાણથી ભરેલું છે. એક પાત્ર કે જે આપણી સંસ્કૃતિ, ઈતિહાસ અને લાગણીઓ સાથે જોડાયેલું છે - કંઈક સિનેમાથી આગળ અને હૃદય સાથે જોડાયેલું છે.




નામ - બ્લેક, વ્હાઇટ એન્ડ ગ્રે લવ કિલ્સ (ક્રાઇમ થ્રિલર)
કલાકર - અભિષેક ભાલેરાવ, મયુર મોરે, પલક જયસ્વાલ, તિગ્માંશુ ધુલિયા, દેવેન ભોજાણી, હક્કિમ શાહજહાં, અનંત જોગ
સ્ટ્રીમીંગ - સોની લિવ
એપિસોડ - 06
સ્ટાર - 3/5

## રિવ્યૂ

# બ્લેક, વ્હાઇટ ઍન્ડ ગ્રે લવ કિલ્સ

ક્રાઈમ થ્રિલર શો તમને ક્યારેય નિરાશ નહિ કરે, એ ભલે ખરાબ હોય તો પણ જોવાય જાય છે. અને જો એ સાચે જ મજેદાર હોય તો માજા ડબલ થય જાય છે. આવી જ એક ઠીક ઠીક મજેદાર સિરીઝ હમણાં આવી છે. અને ઘણી બધી સિરીઝ, ફિલ્મ અને IPLના શોરમાં કોઈ વધારે માર્કેટિંગ વઘાર રિલીઝ થયેલી આ સીરીઝ બ્લેક, વ્હાઈટ ઍન્ડ ગ્રે લવ કિલ્સ નામની ક્રાઈમ થ્રિલર જોવા લાયક છે.

નામ પ્રમાણે વાર્તામાં બ્લેક, વ્હાઈટ ઍન્ડ ગ્રે પાત્રો છે. 4 ખૂન થયા છે અને ફરાર ખૂની ની શોધ ચાલી રહી છે. આ વાર્તા ડેનિયલ ગ્રે નામના એક વિદેશી પત્રકારની છે જે નાગપુરમાં થયેલા એક આઘાતજનક હત્યા કેસ પાછળના ફેક્ટને ભેળસેળ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આરોપી (મયુર મોરે) અનામી છે જેણે તેની પ્રેમિકાની (પલક જયસ્વાલ) હત્યા કરી હતી. જે ત્યાંના એક લોકલ નેતા (અનંત જોગ) ની દીકરી છે અને તે પેલા નેતાના ડ્રાઈવરનો દીકરો છે. એક સોફ્ટ લવસ્ટોરી તરીકે જે શરૂ થાય છે તે ઝડપથી એક ભયાનક હત્યાની સ્ટોરીમાં ફેરવાય છે. આ કેસ મીડિયામાં ચર્ચાનો વિષય બને છે. કહાનીમાં ટ્વિસ્ટ આવે છે કે પેલા છોકરાએ માત્ર પ્રેમિકાની જ નહીં પણ તેની બોડી છુપાવતી વખતે વધારે ત્રણ લોકોની પણ હત્યા કરી હતી! જેમાં એક ઑફ-ડ્યુટી પોલીસમેન (તિગ્માંશુ ધુલિયા), એક કેબ ડ્રાઈવર (હક્કિમ શાહજહાં) અને એક છોકરો છે.

આ સામાન્ય વાર્તામાં સિરીઝનું ટાઈટલ સાર્થક બનવાની કોશિશ થાય છે. ‘લવ કિલ્સ’ ટેગ લાઈન ફક્ત ટેગલાઈન નહિ મોરલ ઓફ ધી સ્ટોરી બને છે.

આ બધા વચ્ચે સતત આવતા સસ્પેન્સ જોવાની મજામાં ઉમેરો કરતા રહે છે. વાર્તામાં ક્લાસ, કાસ્ટ અને પોલિટિક્સ પણ છે. જે સામાજિક ટિપ્પણી કરી દર્શકોનું ધ્યાન ખેંચે છે. પુષ્કર સુનિલ મહાબલે તેને લખી અને ડિરેક્ટ કરી છે. આ એમની પહેલી જ સિરીઝ છે. 6 એપિસોડનો શો ‘છે. અહીં ડિરેક્ટર શ્રીરામ રાઘવન સ્ટાઈલની બ્લેક કોમેડી પણ જોવા મળશે. સિરીઝનો પ્લોટ તમને ક્રાઈમ અને સસ્પેન્સની સંતોષકારક કિક આપવા માટે પૂરતી કાફી છે.

### બોનસ રિવ્યૂ

**કુલ**: ધ લેગસી ઓફ ધ રાયઝિંગ્સ (ફેમેલી ડ્રામા)

સ્ટ્રીમિંગ- જિયો હોટસ્ટાર
એપિસોડ- 08 (હિન્દી)
ડિરેક્ટર - સાહિર રઝા
રાઈટર - અલથિયા કૌશલ, સુમૃત શાહી, ચિરંજીવી બાજપાઈ
કલાકાર - નિમ્રત કૌર, રિદ્ધિ ડોગરા અને અમોલ પરાશર, ગૌરવ અરોરા, રાહુલ વોહરા, તરુણ ચતુર્વેદી અને અર્સલાન ગોની.
એવરેજ રેટિંગ: 2.5/5

રાજગાદી અને શાહી પરિવારની રાજ મિલ્કત માટે ત્રણ ભાઈ-બહેનો વચ્ચેની રાજરમત જોવા મળશે.
નિમ્રત કૌર અને અમોલ પરાશરની એક્ટિંગ શોનું મજબૂત પાસું.